ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૬ ટકા

# વિશિષ્ટ બાળકોએ દર્શાવી ''વિશેષ'' પ્રતિભા

## સેરેબ્રલ પાલ્સીનો ભોગ બનેલી પ્રાચી શાહે ૯૦.૪૦ ટકા ગુણ મેળવ્યા : હિયરીંગ ઈમ્પેર્ડ ક્રિશ પટેલ ધો. ૧૦માં પાસ થયા

ગાંધીનગર, તા. ૨૫


આજે શહેરમાં ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાઓના પરિણામ જાહેર થયાં હતા જેમાં સામાન્ય બાળકો



ઉપરાંત ''વિશિષ્ટ'' કહી શકાય તેવા દિવ્યાંગ બાળકોએ પણ પોતાના આત્મવિશ્વાસના બળે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી છે. શહેરના સેક્ટર-૧૪માં રહેતી સેરેબ્લ પાલ્સીનો ભોગ બનેલી દિકરી પ્રાચી શાહે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતાં ૯૯.૭૦ પર્સન્ટાઈલ રેન્ક અને ૯૦.૪૦ ટકા સાથે ઉજ્જવળ પરિણામ હાંસલ કર્યુ છે. આ સાથે સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં રહેતા ક્રિશ પટેલે પણ પોતાની શ્રવણશક્તિ અંગેની તકલીફને મ્હાત આપીને ૪૧.૬૫ પર્સન્ટાઈલ રેન્ક સાથે બોર્ડની પરીક્ષા પાસ કરવાની સિદ્ધિ મેળવી છે.

સેક્ટર-૧૪ની પ્રાચી શાહ એટલે આત્મ વિશ્વાસનું બીજુ નામ. સેરેબ્રલ પાલ્સી એટલે કે મગજના લકવા જેવી બિમારીનો ભોગ હોવા છતાં રોજના દસ કલાકની મહેનત કરીનો આ દિકરીએ ધો. ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૯૦.૪૦ ટકા પ્રાપ્ત કર્યા છે. પિતા પ્રવિણભાઈ અને માતા નિલમબેન જેઓ બંને સરકારી પ્રાથમિક શિક્ષક છે તેમની આ દિકરીએ ધો. ૧૦માં બોર્ડની પરીક્ષામાં પણ ૮૫ ટકા ગુણ મેળવ્યાં હતા. સેક્ટર-૨૩માં સ્વામિનારાયણ ગુરૂકુળમાં અભ્યાસ કરતી પ્રાચી શાહને બીકોમ કરી સીએ પાસ કર્યા પછી આઈએએસ અધિકારી બનવાની ઈચ્છા છે. તે પોતાની દિવ્યાંગતાને પણ શરમાવે તેવા ભરપૂર આત્મબળના સહારે પ્રસંશનીય પરિણામ હાંસલ કરી માત્ર દિવ્યાંગ નહી પરંતુ સામાન્ય બાળકો માટે પણ પ્રેરણાત્મક ઉદાહરણ બનવા પામી છે.

ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા નજીક સ્થાપન-૨ સોસાયટીમાં રહેતા ક્રિશ પટેલે પણ ધો. ૧૦ની બોર્ડની પરીક્ષા પાસ કરી માતા-પિતાની આંખમાં હર્ષના આંસુ રેલાવ્યાં છે. નાનપણથી હિયરીંગ ઈમ્પેર્ડ એટલે કે શ્રવણશક્તિની ખામી ધરાવતા ક્રિશને બોલવામાં પણ તકલીફ પડે છે. વર્ષ ૨૦૧૧માં તેની કોકલિયર



ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પણ કરવામાં આવી હતી. આમ છતાં તેના માતા-પિતાએ તેને સામાન્ય શાળામાં ભણવા મુક્યો છે. શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ભણતા ક્રિશ પટેલને કુડાસણના વિશેષ એજ્યુકેશન સેન્ટર ખાતે થેરેપી સારવાર ઉપરાંત ટ્યુશન કોચીંગ પણ આપવામાં આવતુ હતુ જેના પ્રતાપે તે ધો. ૧૦ની બોર્ડની પરીક્ષા નિર્વિઘ્ને પાસ કરવામાં સફળ રહ્યો છે. ક્રિશના પિતા ધર્મેન્દ્રભાઈ સરગાસણ ચાર રસ્તા પાસે ડેરી પાર્લર ચલાવે છે અને માતા ચંદ્રિકાબેન ઘર સંભાળવા સાથે તેમને પણ મદદરૂપ થાય છે. સૌથી આશ્ચર્યજનક વાત તો એ છે કે ક્રિશના માતા-પિતાએ દિવ્યાંગ દિકરાની યોગ્ય રીતે સંભાળ લઈ શકે તે માટે બીજા સંતાનનો વિચાર માંડી વાળ્યો છે. વિશેષ એજ્યુકેશન સેન્ટર ખાતે દિપાલીબેન તથા ચિરાગ ઉપાધ્યાય દ્વારા ક્રિશને વિશેષ તાલીમ તથા સારવાર આપવામાં આવી રહી છે જેથી તે ઝડપથી સામાન્ય બાળકોમાં ભળતો થઈ જવા પામ્યો છે.

# ટોપર્સની પસંદગી સી.એ. અને આઈ.એ.એસ. કેરિયર

## આર સી પટેલ સ્કુલની વિદ્યાર્થીનીને ત્રણ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ : કરણને પોલીસ અધિકારી બનવુ છે : વેદ ઈન્ટરનેશલ સ્કુલની જૈના યુ પી એસ સી ક્લીયર કરવા માંગે છે

ગાંધીનગર તા ૨૫

શહેરમાં ટોપર્સમાં સ્થાન પ્રાપ્ત કરનારા મોટાભાગના ટોપર્સે સી એ બનવાની ઈચ્છા વ્યકત કરી છે. એન કે સ્કુલ ઓફ કોર્મસના કક્ષિલ પટેલે પણ આગળ સી એ માં અભ્યાસ કરવો છે. તેના પિતા મિનેશભાઈ ખેતી કરે છે. જયારે માતા હંસાબેન હાઉસ વાઈફ છે. મિનેશે ૬૩૮ ગુણ સાથે એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. તેના મતે રીવિઝન વર્કથી સારુ પરિણામ મેળવી શકાય છે. જયારે ધૈર્ય શુકલ જણાવે છે કે આગળ તેણે એમ બી એ કરવુ છે. ધૈર્યને ક્રિકેટ રમવાનુ અનહદ પસંદ છે.મીર કરણકુમાર દાનાભાઈએ આગળ પી આઈ બનવુ છે. પોલીસ અધિકારી બની દેશનો સેવા આપવી છે.તેના પિતા દાનાભાઈ સી એમ સિક્યુરીટીમાં કમાન્ડો છે. આ ઉપરાંત તે સે-૨૭ સ્થિત એસ પી ઓફિસમાં હોર્સ રાઈડીંગ પણ શીખવા જાય છે. તેના મતે શાળાના શિક્ષકો રાજેશ દરજી , મન્સુરીસરની શિખવવાની ટેકનિક જ લાજવાબ છે. જેના લીધે કશુ અઘરુ લાગતુ નથી. જયારે ફોરમ સુધીરભાઈ પટેલે પણ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. ફોરમે આગળ સી એ માં અભ્યાસ કરવો છે. તેના મતે શાળાની અળગ શિક્ષણ પધ્ધતિ સારા પરિણામ માટે જવાબદાર છે. તેને નવી નવી બુકસ વાંચવી ખુબ જ પસંદ છે. કડી કેમ્પસની દીશા પ્રજાપતિએ આગળ એમ બી એ માં અભ્યાસ કરવો છે. જયારે આગળ અભ્યાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવી છે.તેના પિતા રસિકભાઈ ફોટોગ્રાફર છે. જયારે વર્ષાબેન હાઉસવાઈફ છે. તેના મતે પેશન સાથે પ્લાનીંગથી તૈયારી કરવાથી સારુ પરિણામ મળે છે. ઝરણાં ભાવસારને પણ આગળ સી એમાં અભ્યાસ કરવો છે. તેણી જણાંવે છે કે મહેનત અને માતા પિતાના આર્શીવાદથી સારુ પરિણામ મળ્યુ છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરીયલ પણ પ્રોત્સાહક પુરવાર થઈ હોવાની વાત પણ તેણે કરી હતી. આર જી કન્યા શાળાની ધ્રુવી જગદીશભાઈ ગઢવીને આઈ એ એસ બનવુ છે. શિક્ષણમાં જરૂરી બદલાવ લાવવાનો ઈરાદો ધરાવે છે. જયારે રીશિતા પટેલે તેજસ્વી વિદ્યાર્થીઓની યાદીમાં અનોખી સિધ્ધિ મેળવી છે. તેણીએ સ્ટેટ , એકાઉન્ટ તેમજ ઓ સી વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ પુરા ગુણ પ્રાપ્ત કર્યા છે. જયારે સરગાસણ વેદ ઈન્ટરનેશલ સ્કુલમાં અભ્યાસ કરતી જૈના હેમલકુમાર શાહે આગળ યુ પી એસ સી ની તૈયારી કરી આઈ એસ બનવુ છે. પિતા હેમલભાઈ એલ આઈ સી એજન્ટ છે. જયારે માતા દિપાલીબેન હાઉસવાઈફ છે. ગુરુજીની પ્રેરણાંથી સારા ગુણ મેળવ્યા છે. જયારે શાળાના શિક્ષકોને પણ તે પરિણામનો યશ આપે છે. શાળામાં લેવાતી વિકલી ટેસ્ટ પણ અસરકારક પુરવાર થઈ છે. જયારે શાળાના નયનસરનુ સતત પ્રોત્સાહન પણ મળતુ રહ્યુ હતુ.અભ્યાસ સિવાય તેને સિંગીંગ ઉપરાંત ફરવાનો પણ શોખ છે.

# નિફ્ટના ફેશન મેનેજમેન્ટ વિભાગનો ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ શો





## આ પ્રસંગે ''રિસેન્ટ ટ્રેન્ડસ ઈન રિટેલ'' સેમિનાર યોજાયો : ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ શોના વિજેતાઓને એવોર્ડ આપી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ઈન્ફોસિટી વિસ્તાર સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી-નિફ્ટ ખાતે 'રિસેન્ટ ટ્રેન્ડસ ઈન રિટેલ'' શિર્ષક અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ ફેશન મેનેજમેન્ટ સ્ટડીઝના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ શો ના ભાગરૂપે સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ફેશન અને લાઈફસ્ટાઈલ ક્ષેત્રના તજજ્ઞોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કસ્ટમર એક્સપીરીયન્સ મેનેજમેન્ટ, ઓમ્નીચેનલ રિટેલીંગ, લકઝરી એન્ડ એરપોર્ટ રિટેલીંગ જેવા વિષયો પર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. ''રિસેન્ટ ટ્રેન્ડસ ઈન રિટેલ'' સેમિનારમાં ફ્યુચર ગ્રુપના કસ્ટમર સર્વિસ વિભાગના ગૃપ હેડ જકવેલીન મુંડકરે ''કસ્ટમર એક્સપીરીયન્સ મેનેજમેન્ટ એન્ડ ઈમ્પોર્ટન્સ ઓફ રિટેલ એનાલિસ્ટિક'' વિષયે દિલ્હી ડ્યુટી ફ્રિ લકઝરી બ્રાન્ડસના કેટેગરી હેડ જ્યોતિ વિમલે ''ઈમર્જીંગ રિટેલ કોન્સેપ્ટ્સ'' અંતર્ગત એરપોર્ટ રિટેલીંગ, ઈ-કોમર્સ, એમ કોમર્સ, લકઝરી રિટેલ્સ જેવા વિષયે, પેપરફ્રાયના રિજીયોનલ મેનેજર નવિન અભિષેકે ''મલ્ટી-ચેનલ વિરૂદ્ધ ઓમ્ની-ચેનલ રિટેલીંગ'' વિષયે, કોમ્યુનિકેશન ક્રાફ્ટ્સના ક્રિએટીવ એન્ડ બીઝનેસ ડાયરેક્ટર ચિરાગ ડગલીએ ''સોશ્યલ મિડીયા પર માર્કેટીંગના મહત્વ તથા ફેશન રિટેલીંગમાં વિશ્લેષણ'' વિષયે તેમજ ક્વોલીટી એશ્યુરન્સના મેનેજર વિમ્મી વાલિયાએ ''એપ્લિકેશન્સ એન્ડ સ્કોપ ઓફ એઆઈ, બીગ ડેટા, બ્લોક ચેઈન ઈન ફેશન, રિટેલ ઈન્ડસ્ટ્રીઝ'' વિષયે મહત્વના વક્તવ્યો આપ્યા હતા. આ પ્રસંગે નિફ્ટના ફેશન મેનેજમેન્ટ સ્ટડીઝના ચાર માસના પ્રોજેક્ટ્સના વિજેતા વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. આ વિદ્યાર્થીઓમાં મૃગયા સહાયને બેસ્ટ ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ માર્કેટીંગ, સ્નિગ્ધા સર્માને બેસ્ટ ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ મર્ચેન્ડાઈસ તથા નેહા વર્માને બેસ્ટ ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ ફેશન મેનેજમેન્ટ પ્રેકટીસથી સન્માનવામાં આવ્યાં હતા.

# વાસણા હડમતીયા માર્ગ પર એકટીવા ચાલકને લૂંટી લેનાર શખ્સ ઝડપાયો

## આરોપી ગુનાઈત ઈતિહાસ ધરાવતો હોવાનું પોલીસનું નિવેદન

ગાંધીનગર, તા.૨૫

આજથી એકાદ માસ અગાઉ સેકટર-૩ વાસણા હડમતીયા માર્ગ ઉપર એકટીવા ચાલક બે યુવકો પાસેથી એક મોબાઈલ, રોકડ તેમજ ચાંદીના કડાની લુંટ કરનાર ઈસમને રૂ. ૧૫,૭૭૫ ના લુંટના મુદ્દામાલ સાથે વાવોલ-કોલવડા માર્ગ પરથી ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીએસઆઈ વાય.જે.રાઠોડની ટીમના એએસઆઈ હજારીસિંહ ધીસાસિંહ, એ.હે.કો. ભવાનસિંહ, હરીભાઈ, કેતનકુમાર, પો.કો.હસમુખભાઈ સહિતની ટીમ પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન સાથે રહેલા કર્મચારી ભવાનસિંહ પૃથ્વીસિંહને મળેલી બાતમીને પગલે વાવોલ-કોલવડા ચાર રસ્તા પાસે આવેલા જોગણી માતાના મંદિર પાસેથી મહેન્દ્ર ઉર્ફે મહીન ઉર્ફે ડોન બાબુભાઈ સેનમા રહે.લુણાસણ, તા.કડી, જિ.મહેસાણાને પકડી પાડી તેની પુછપરછ કરતા તેની પાસેથી સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦ તેમ રોકડા રૂ.૩૦૦૦ ચાંદીનું કડુ કિ.રૂ. ૨૭૭૫ મળી આવ્યા હતા. આ શખ્સની મુદ્દામાલ અંગે પુછતાછ કરતા તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી તેની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આ મુદ્દામાલની લુંટ કરી હોવાનું કબુલ્યું હતું. શખ્સે જણાવ્યું હતું કે એકાદ માસ અગાઉ પોતાના અન્ય મિત્રનું બાઈક લઈને ગાંધીનગર આવ્યો હતો. ઘ રોડ વાસણા-હડમતીયા માર્ગ ઉપર એક એકટીવા ચાલક પાસેથી મોબાઈલ, રોકડ તેમજ ચાંદીના કડાની લુંટ કરી હતી અને નાસી છુટ્યો હતો તેમજ આ મુદ્દામાલ પણ તે લુંટનો જ હોવાનું જણાવ્યું હતું. પોલીસે રેકર્ડ પર ખાતરી કરીને સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાયેલ હોવાથી મોબાઈલ, રોકડ, ચાંદીનુ કડુ મળી કુલ રૂ. ૧૫૭૭૫ નો મુદ્દામાલ કબ્જે કરી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. અગાઉ તેણે ગાંધીનગર જિલ્લાના અડાલજ, કલોલ, તેમ મહેસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુંટ, મારામારી, તેમજ ચોરીના ગુનામાં પણ પકડાઈ ચુક્યો છે.

# આજે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ અને ઈન્ડિયન લાયોનેસના હોદ્દેદારોની શપથવિધિ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

રાષ્ટ્રવાદ અને સ્વદેશવાદને વધુ સંગીન બનાવવા માટેનુ માધ્યમ ધરાવતી નગરની સંસ્થા 'ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમના પ્રમુખપદે સમાજસેવી રાધેશ્યામ યાદવ અને તેમની ટીમ આજે શપથવિધિ સાથે હોદ્દો ગ્રહણ કરશે અને સાથે સાથે ઈન્ડિનય લાયોનેસ સ્વર્ણિમના પ્રમુખ શિલ્પાબેન દેસાઈ અને તેમની ટીમની પણ શપથવિધિ થશે. આ શપથવિધિ કાર્યક્રમ આજે સે. ૨૫ જીઆઈડીસી ખાતે 'ગેઝિયા ઓડીટોરીયમ હોલ ખાતે સાંજે ૬ વાગે યોજાશે.

ગાંધીનગર ક્લબ ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમના પ્રમુખ ઈન્ડિયન લાયન કુંપલબેન દવેના જણાવ્યા અનુસાર આ સમારંભમાં ઈન્ડિયન લાયન પદનામિત પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ અને તેમની ટીમના શપથગ્રહણ પુરોહીત તરીકે ઈન્ડિયન લાયન્સના પૂર્વ નેશનલ ચેરમેન ઈન્ડિયન લાયન અક્ષયભાઈ ઠક્કર હાજર રહેશે તથા સાથે ઈન્ડિયન લાયન્સના નેશનલ ચેરમેન અને મુખ્યમંત્રીના પી.આર.ઓ. લાયન હિતેષભાઈ પંડ્યા તેમજ ઈ. લાયન આશાબેન પંડ્યા મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે. સાથે સાથે ઈન્ડિયન લાયન્સ ગુજરાત સ્ટેટ પ્રેસિડન્ટ ઈ. લાયન ધીમંતભાઈ શેઠ અને ઈ. લાયોનેસના નેશનલ કોઓર્ડીનેટર ઈ. લાયોનેસ દર્શનાબેન ભટ્ટ પણ હાજર રહેશે. ઈન્ડિયન લાયોનેસના હોદ્દેદારોની શપથવિધિ લાયોનેસના નેશનલના કો. ઓર્ડીનેટર ઈ. લાયોનેસ દર્શનાબેન ભટ્ટ દ્વારા કરાશે.

# પત્રકાર પરિવારનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના અગ્રણી પત્રકાર અને પાટનગર ટુડેના તંત્રી જતીન શુક્લની દીકરી રૂદ્રી જતીન શુક્લએ ૯૭ પર્સન્ટાઈલ સાથે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૪ ટકા મેળવીને ગુરૂકુલ સ્કૂલ તથા સમગ્ર પરિવારનું નામ રોશન કર્યુ છે.

રૂદ્રી શુક્લ સંગીત, કવિતા, વાંચન, લેખન અને અભિનયમાં રસ ધરાવે છે. તેની ઉજ્જવળ કારકિર્દી માટે પરિવારજનો અને શુભેચ્છકોએ શુભકામનાઓ પાઠવી છે.

# છેલ્લા ૩ વર્ષથી નાસતા-ફરતા આરોપીને એસઓજીએ ઝડપ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર એસઓજી પીઆઈ જે. જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી. એમ. ઝાલા, હે. કો. નરપતસિંહ, સજ્જાદહુસેન, અપોકો. સુરેશકુમાર, અડાલજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હે.કો. નરપતસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામા છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી ઓમપ્રકાશ ઉર્ફે ઈશુ અશોકભાઈ સિંધી રહે.દેવનંદન ફલેટ અડાલજ તા. જી. ગાંધીનગર વૈષ્ણવ દેવી સર્કલ પાસે મારૂતિ નંદન હોટલ પાસે હાઈ-વે ઉપર હાજર હોવાની જાણ થતા તેને તાત્કાલીક આ જગ્યા પર જઈ એસઓજી પોલીસે દબોચી લીધો હતો. આ શખ્સને પકડી કાયદેસરની કાર્યવાહી કરી અડાલજ પોલીસને સોંપેલ છે.

# ગુજરાત સેનવા-રાવત સમાજનો ૧૮મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ આયોજીત અઢારમો સમુહ લગ્નોત્સવનું આયોજન આગામી તા. ૨૭ મે ને સોમવારના રોજ સેકટર-૬ પેટ્રોલપંપ પાસેના મેદાન ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહ લગ્નોત્સવમાં ૨૫ નવયુગલો પ્રભુતામા પગલા પાડશે. આ નવદંપતીનો આર્શીવાદ આપવા માટે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી સહિત અનેક મહાનુભાવો, સાધુ-સંતો, સામાજીક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે.

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા સેકટર-૬ મેદાન ખાતે આયોજીત અઢારમો સમુહ લગ્નોત્સવમાં તા. ૨૭ ને સોમવારના રોજ સવારે ૭.૩૦ કલાકે ગ્રહશાંતિ, સવારે ૯ કલાકે જાન આગમન, લગ્નવિધી સવારે ૯.૩૦ થી ૧૧.૩૦, ભોજન સમારંભ ૧૧ થી ૧ કલાકે, સામાજીક વ્યવહાર બપોરે ૧૨ થી ૧ કલાક તેમજ આર્શીવચન અને સ્વાગત સમારોહ બપોરે ૨ થી ૪ કલાક, જાન વિદાય સાંજે ૪.૩૦ કલાકે થશે. જયારે ૨૫ નવદંપતિએ આર્શીવચન આપવા માટે પૂજ્ય મહંત શંભુપ્રસાદ ટુંડીયા બાપુ (સાંસદ રાજયસભા)ગાદીપતિ સવગુણ સમાધિ સ્થાન ઝાંઝરકા, તેમજ રાવત રામજી મંદિર સિધ્ધપુરના ગાદીપતિ પૂજય મહંત પ્રકાશબાપુ, મેલડી ધામ કૈયલ પૂજ્ય રમણ જયમાડી, બ્રહ્માકુમારીના પૂજ્ય કૈલાસદીદી, મહંત કમીજલા ગાદી વિરમગામના પૂજય પ્રભુદાસ બાપુ સહિત મહાનુભાવો, સાધુ-સંતો, સામાજીક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહી નવદંપતિનો આર્શિવાદ પાઠવશે. આ પ્રસંગે રાવત સેનમા સમાજના ભાઈ બહેનોને મોટીસંખ્યામાં લગ્ન સમારોહમાં ઉપસ્થિત રહેવા સેનમા રાવત સંઘના પ્રમુખ પુનમભાઈ મકવાણાએ અનુરોધ કર્યો છે.

# લવારપુર શ્રી સ્વામીનારાયણ દ્વિશતાબ્દી સ્મારક હાઈસ્કૂલનું જ્વલંત પરિણામ







## ગોહિલ જયેન્દ્રકુમાર ૯૦.૨૯ પ્રથમ ક્રમે, પ્રજાપતિ રવિકુમાર ૮૮.૮૬ દ્વિતીય ક્રમે, ઠાકોર હરીશકુમાર ૮૮.૪૩ તૃતીય ક્રમે

ચિલોડા, તા. ૨૫

ગુજરાત રાજ્ય માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ૨૦૧૯ની એચ.એસ.સી. પરીક્ષામાં જિલ્લાની લવારપુર ગામની શ્રી સ્વામીનારાયણ દ્વિ શતાબ્દી સ્મારક હાઈસ્કૂલ શાળાનું પરિણામ ૮૭.૩ ટકા સાથે શાળાના તેજસ્વી તારલા તરીકે ગોહિલ જયેન્દ્રકુમાર કાન્તીભાઈ ૭૦૦માંથી ૬૩૨ ગુણ સાથે ૯૦.૨૯ ટકા પ્રથમ ક્રમે, પ્રજાપતિ રવિકુમાર ભુપેન્દ્રભાઈ ૭૦૦માંથી ૬૨૨ ગુણ સાથે ૮૮.૮૬ ટકા દ્વિતીય ક્રમે અને ઠાકોર હરીશકુમાર રામાજી ૭૦૦માંથી ૬૧૯ ગુણ ૮૮.૪૩ ટકા સાથે ઉત્તીર્ણ થયેલ છે. એકાઉન્ટ વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. શાળાના આચાર્ય સુરેશભાઈ ચૌધરી તથા કેળવણી મંડળના ટ્રસ્ટીએ ઊંચી સિદ્ધિ મેળવવા બદલ વિદ્યાર્થીઓનો અભિનંદન પાઠવ્યા હતા.

# બેસ્ટ વેલી ગેસ્ટ હાઉસના માલિક સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ વિસ્તારમાં રીલાયન્સ ચોકડી ખાતે હોટલ બેસ્ટ વેલીના માલિક સામે ગ્રાહકોની અધુરી માહિતી મુદે પોલીસે ફરીયાદ નોંધી છે. એસઓજીની ફરીયાદના આધારે જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા ભંગ બદલ ઈન્ફોસીટી ઈન્ફોસીટી પોલીસો ગુનો નોંધ્યો છે. ગાંધીનગર એસઓજી પીએસઆઈ જે. આર. કરોતરાએ પોતાની ટીમ સાથે રાધે સ્કવેર કોમ્પલેક્ષમાં આવેલી હોટલ બેસ્ટ વેલી ગેસ્ટ હાઉસમાં શુક્રવારના રોજ રાત્રે ચેંકીગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રજીસ્ટર ચેક કરતા ગ્રાહકોના ચેક આઉટમાં તારીખ અને સમય નોંધાલેય ન હતો. જેને પગલે એસઓજીએ ગેસ્ટ હાઉસના પરવાનેદાર ધીરુભાઈ બળદેવભાઈ ચૌધરી રહે.મકાખાડ માણસા સામે જાહેરનામા ભંગની ફરીયાદ નોંધાઈ છે. જેને પગલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણસાના સપૂત અમિત શાહને ભવ્ય વિજય બદલ મતદારોનો આભાર : દિનેશ વ્યાસ

ગાંધીનગર, તા. ૨૫

આજરોજ મહેસાણા લોકસભા વિસ્તારમાં આવતી માણસા સ્થિત સામાજીક સંસ્થા ''શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ-આનંદી માં ના વડલા''ના માનદ મેનેજીંગ ટ્રસ્ટી અને માણસા ભાજપા અગ્રણી દિનેશભાઈ વ્યાસે એક અખબારી યાદીમાં જણાવ્યું હતુ કે ગુજરાતના સપૂત અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની 'સબકા સાથ સબકા વિકાસ' મંત્રની વિકાસવાદી રાજનીતિ, સક્ષમ નિર્ણાયકશક્તિ અને 'રાષ્ટ્ર પ્રથમ'ની રાષ્ટ્રવાદી વિચારધારાનો સાથ આપી દેશની જનતાએ પુનઃ એકવાર નરેન્દ્રભાઈ મોદીનો સત્તાનું સુકાન સોંપવાનું મન બનાવીને ભારતીય જનતા પાર્ટીને જંગી બહુમતી સાથે ભવ્યાતિભવ્ય વિજય અપાવ્યો છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહને દેશભરમાં ભાજપાને મળેલા પ્રચંડ વિજય બદલ અભિનંદન પાઠવું છું.

વ્યાસે જણાવ્યું હતું કે આજે સમગ્ર દેશમાં મોદી લહેર છે. ગુજરાતની જનતાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યેના અતૂટ પ્રેમ, લાગણી અને વિશ્વાસ મુકીને ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાને ઐતિહાસિક પુનરાવર્તન સાથે ભવ્યાતિભવ્ય વિજય અપાવ્યો છે. આગામી પાંચ વર્ષમાં દેશ વિકાસની નવી ઉંચાઈઓ હાંસલ કરશે અને જનતાના સપના સાકાર થશે. જનતાને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને સરકારની નીતિઓ પર ભરોસો છે તે આજના પરિણામો પરથી સિદ્ધ થયું છે.